અપીલ અરજી નં.૩૬૨ તા.૨૨–૧–૧૦

અરજદારઃ– શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી મોજે ગામ રાંદેર નાં બ્લોક નં.૮૪/૨ માં આવેલી સંજયનગર સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટ પૈકી પ્લોટ નં.૩૮ કે જેનો ટેના. નં.૧૬ડી–૦૫–૩૧૭૧ –૦–૦૦૧ છે. તેમાં એસ.એમ.સી માં વેરાબીલમાં માલીકના નામોને બદલે બીજા નામો કયા પુરાવા આધારે નામ બદલવામાં આવ્યા છે તેના તમામ કાગળોની યાદીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૨/૨૦૦૯–૧૦

શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી મોજે ગામ રાંદેર નાં બ્લોક નં.૮૪/૨ માં આવેલી સંજયનગર સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટ પૈકી પ્લોટ નં.૩૮ કે જેનો ટેના. નં.૧૬ડી–૦૫–૩૧૭૧–૦–૦૦૧ છે. તેમાં એસ.એમ.સી માં વેરાબીલમાં માલીકના નામોને બદલે બીજા નામો કયા પુરાવા આધારે નામ બદલવામાં આવ્યા છે તેના તમામ કાગળોની યાદીની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૫૫૯ તા.૨–૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૩૦ તા.૩૦–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તરની નકલ અત્રે મોકલેલ.

અરજદારની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે ટેના નં.૧૬ડી–૦૫–૩૧૭૧–૦–૦૦૧ ના વેરાબીલમાં માલિકીના નામો કયા પુરાવાના આધારે બદલવામાં આવ્યા તેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૫૯ તા.૨–૧–૧૦ થી અરજદારને " પ્લોટ નં.૩૮ સંજયનગર સોસા.ના ટેના નં.૧૬ડી–૦૫–૩૧૭૧–૦–૦૦૧ ની મિલ્કતમાં કચેરીના ઉપલબ્ધ ૯૬–૯૭ વર્ષના એસેસમેન્ટ રજીસ્ટર અનુસાર આકારણી અધિકારીશ્રીના તા.૯–૮–૯૬ ના હુકમથી નામફેર કરવામાં આવેલ છે જેની સાથે આધાર તરીકે એસેસમેન્ટની નકલ રજૂ કરેલ. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૨–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી મિલ્કતના વેરાબીલમાં કયા પુરાવાના આધારે નામ બદલવામાં આવ્યા છે તે તમામ કાગળોની યાદી માંગેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ નામફેર કર્યાની વિગતો જણાવેલ છે પરંતુ કયા આધારે કરેલ છે તેની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. તથા તે અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ એસેસમેન્ટની નકલમાં અરજદારે માંગેલ માહિતીનો સમાવેશ થતો જણાતો નથી. મહેસુલી બાબતોમાં આ પ્રકારના ફેરફાર સહિતનો દફતર લાંબા સમય માટે સંદર્ભ તરીકે સમાન્ય રીતે જળવાતો હોય છે. અને ફેર બદલીના સંદર્ભ કાગળો, નોંધ અને મંજુરી પર તેમ કરવાનું કારણ કે વાજબીપણું નોંધાયેલ હોય જ. આરટીઆઈ કાયદાની કલમ–૪(૧)(ડી) ની જોગવાઈ અન્વયે જાહેર સત્તા મંડળે તેના વહીવટી કે અર્ધન્યાયીક નિર્ણયોના કારણો અસરકર્તાને પૂરા પાડવાનું આદેશાત્મક છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી નહી પૂરી પડાયેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નામફેર અંગેના સંદર્ભ કાગળો નોંધ અને મંજુરી પત્રોની દફતરી ઉપલબ્ધ માહિતી આધારે નામફેરના આધાર પુરાવાની જરૂર જણાય કલમ–૧૧ હેઠળની કાર્યવાહી કરી નિર્ણય લઈ નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ